# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-04-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(હવે પછી આપ સાંજે 7 વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM PATEL ON AMBEDKAR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારત-રત્ન ડૉ. ભીમરાવ આંબેડકરના વિચારોને જીવનમાં ઉતારીને વિકસિત ભારત માટે પ્રયત્નશીલ રહેવા સૌને પ્રતિબદ્ધ થવા આહ્વાન કર્યું છે. ગાંધીનગરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની 134-મી જન્મજયંતી નિમિત્તે તેમની પ્રતિમાને ભાવાંજલિ અર્પણ કરતા શ્રી પટેલે ડૉ. બાબાસાહેબના જીવનને સંઘર્ષ અને સફળતાનું માર્ગદર્શક ગણાવ્યું હતું.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી , સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબેન બાબરિયા સહિતના મહાનુભાવો-એ ડૉ. આંબેડકરની પ્રતિમાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

. . . . . . . . . . . . .

# AAMBEDAKAR JAYANTI - DISTRICT

રાજ્યભરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મજયંતિની ઉજવણી કરાઇ છે. અરવલ્લીના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભીખુસિંહ પરમારે બાબા સાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મોડાસા શહેરના જુના બસ સ્ટેશન સુધી ભવ્ય શોભાયાત્રા પણ યોજાઇ હતી.

પાટણ શહેરના બગવાડા દરવાજા ખાતે ધારાસભ્ય ડો. કિરીટ પટેલ તેમજ જિલ્લા કોંગ્રેસના આગેવાનો કાર્યકરો દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાને માલ્યાર્પણ કરાયુ હતું. ખેડાના નડિયાદમાં સંતરામ સર્કલ પાસે ડો.બાબા સાહેબની પ્રતિમાને  શ્રધ્ધાંજલિ અર્પણ કરવા નગરજનો ઉમટ્યા હતા.

અમરેલી જિલ્લાના વિવિધ તાલુકામાં આંબેડકર જયંતિની ભવ્ય ઉજવણી કરાઇ છે. વિવિધ સ્થળેથી શોભાયાત્રા પણ નીકળી રહી છે. ડાંગના મુખ્ય મથક આહવા ખાતે વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલના અધ્યક્ષ સ્થાને પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો. કચ્છના ભુજ   ,  ગાંધીધામ અને અંજાર સહિતના વિવિધ શહેરોમાં ડૉ. આંબેડકર જયંતીને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. નવસારીમાં લૂંસિકુઇ આંબેડકર સર્કલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ         ડૉ બાબસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી હતી.છોટાઉદેપુરનાં જેતપુર પાવી ખાતે રેલી યોજી ભવ્ય આતાશબાજી સાથે જન્મજ્યંતીની ઉજવણી કરાઈ   હતી. સાબરકાંઠામાં પણ રેલી  , ભીમ ડાયરો અને આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કાર્યક્રમ યોજાયો.

. . . . . . . . . . . . .

# 1800 CR DRUGS

ગુજરાત આતંકવાદ વિરોધી દળ- ATS અને તટરક્ષકની ટુકડીએ ભારતીય જળસીમામાંથી એક હજાર 800 કરોડ રૂપિયાની કિંમતનો માદકપદાર્થ પકડ્યો છે. ATSની ટુકડીને પાકિસ્તાની માછીમારી હોડીમાં 400 કિલો જેટલો ગેરકાયદે માદકપદાર્થનો જથ્થો પોરબંદર નજીકની જળસીમામા આવવાની માહિતી મળી હતી. તેના આધારે A.T.S. અને તટરક્ષકની ટુકડી સચેત હતી. દરમિયાન પાકિસ્તાની હોડીમાં બેઠેલા લોકો માદકપદાર્થનો જથ્થો દરિયામાં નાખી હોડી સાથે ભાગી ગયા હતા.

જોકે, હોડીમાં તપાસ કરાતા 311 કિલો માદકપદાર્થ મળ્યો હતો , જેની અંદાજે કિંમત એક હજાર 800 કરોડ રૂપિયા થાય છે. આ અંગે D.I.G. સુનિલ જોષીએ માહિતી આપી.

**(બાઈટઃ સુનિલ જોષી, D.I.G.)**

. . . . . . . . . . . . .

# S. JAISHANKAR NARMADA

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરે આજે નર્મદા જિલ્લાના વ્યાધર , આમદલા, લાછરસ, સામોટ અને ભાદોડ તેમજ ચાર ગામમાં અંદાજે 11 કરોડ 66 લાખ રૂપિયાની કિંમતની વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. શ્રી જયશંકરે મૅમ્બર ઑફ પાર્લામૅન્ટ લૉકલ એરિયા ડેવલપમૅન્ટ સ્કીમ- M.P.L.A.D.S કાર્યક્રમ અંતર્ગત તેમણે દત્તક લીધેલા આ ગામોમાં આ લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા.

આજથી બે દિવસ નર્મદા જિલ્લાની મુલાકાતે આવેલા શ્રી જયશંકર આજે એકતાનગર પહોંચ્યા હતા. તેમણે તિલકવાડા તાલુકાના વ્યાધર ગામની મુલાકાત લઈ આરોગ્ય સંભાળ કેન્દ્રનું નિરીક્ષણ કર્યું. ત્યારબાદ શ્રી જયશંકરે ગામમાં સ્માર્ટ આંગણવાડી, પ્રાથમિક શાળાના સ્માર્ટ ક્લાસરૂમની મુલાકાત લીધી હતી.

. . . . . . . . . . . . .

# Vadnagar - Museum

મહેસાણા જિલ્લાના વડનગર મ્યુઝિયમનું પહેલી ફેબ્રુઆરીએ ઉદ્ઘાટન થયું ત્યારબાદ બે મહિનામાં 50 હજાર પ્રવાસીઓએ મુલાકાત લીધી છે. વિદેશી પ્રવાસીઓ સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. વિશ્વમાં ગ્રીસનાં મ્યુઝિયમ બાદ બીજા નંબરે વડનગરનું મ્યુઝિયમ છે.

. . . . . . . . . . . . .

# PANCHMAHAL TB SCREENING

પંચમહાલ જિલ્લાનાં આરોગ્ય વિભાગે 100 દિવસના ક્ષય નિર્મૂલન અભિયાનમાં જિલ્લાના 2 લાખ 65 હજાર લોકોની તપાસ કરીને 14 હજાર લોકોનું એકસ-રે તથા 24 હજાર લોકોનું લેબોરેટરી પરીક્ષણ કર્યું હતું , જેમાંથી 1 હજાર 762ને ક્ષય હોવાનું નિદાન થયું હતું.

આ દર્દીઓને સ્થાનિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અપાઈ રહી છે. ટીબી રોગ નાબુદ ના થયા ત્યાં સરકાર દ્વારા દરેક દર્દીને દર મહિને એક હજાર રૂપિયાની સહાય આપવામાં આવશે.

આરોગ્ય ટીમો દ્વારા 60 વર્ષ ઉપરની વયનાં દર્દીઓ , નબળાઈ ધરાવતા લોકો, કુપોષિત, ધુમ્રપાન કરનારા તેમજ ટીબીના દર્દીના સગા સહિત આસપાસ વિસ્તારમાં ટીબીના દર્દીઓને શોધવાની કામગીરી હાથ ધરી હતી.

પંચમહાલ જિલ્લામાં દર વર્ષે ટીબીના સરેરાશ 3 હજાર 800 જેટલા કેસ નોધાય છે. વર્ષ 2023માં 3 હજાર અને વર્ષ 2024 માં 3 હજાર 870 કેસ નોધાયા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................